# સ્ત્રી શિક્ષિકાઓની બેવડી ભૂમિકાને કારણે શિક્ષક અસરકારકતા પર થતી અસરોનો અભ્યાસ

પ્રા. વર્ષા બી. પ્રજાપતિ
વ્યાખ્યાતા
શ્રી સાર્વજનિક એજયુકેશન કોલેજ, મહેસાણા.

પ્રા. શાન્તાબેન એચ. પટેલ
વ્યાખ્યાતા
શ્રી સાર્વજનિક એજયુકેશન કોલેજ, મહેસાણા.

## ૧. પ્રસ્તાવના

કહેવાયું છે કે ' ભારતનું ભાવિ તેના વર્ગ ખંડમાં ઘડાઈ રહયું છે'. તથા "The Teacher is a maker of the History. આ બાબત પરથી એવું કહેવાય છે કે શિક્ષક એ રાષ્ટ્રનો નિર્માતા અને ભાગ્ય વિધાતા છે એટલે કે શિક્ષકએ રાષ્ટ્રનો પાયો છે. આ સમયે ચાણકયનું એક વાકય યાદ આવે છે.

" શિક્ષક કભી સાધારણ નહીં હોતા
નિર્માણ ઔર પ્રલય ઉસકી ગોદમેં મેં પલતે હૈ "

આમ, જો શિક્ષક અસરકાર હશે તો શિક્ષણની ગુણવત્તા ઊંચી લાવી શકાય શિક્ષકે પોતાની વ્યવસાયિક ભૂમિકા અતિ નિષ્ઠાથી અને પ્રમાણિકતાથી નિભાવે તે જરૂરી છે. આ માટે શિક્ષક અસરકાર હોવો જરૂરી છે. શિક્ષક અસરકારકતા વધારવી તે શિક્ષકના ફાળે આવે છે આના માટે આપણે ઘણી બાબતો વિશે વિચારી શકાય. આજના સમયમાં શિક્ષક અસરકારકતા વિશે વિચારવું જરૂરી છે કારણ કે આ વ્યવસાય એવો છે જેમાં સ્ત્રીઓ વધુ સંકળાયેલી છે તે સમાજમાં અને વ્યવસાયમાં એમ બેવડી ભૂમિકા ભજવતી વખતે સ્ત્રી શિક્ષિકાઓને શિક્ષક અસરકારકતા વધારવા તે કયા પ્રયત્નો કરે છે અને તેમાં કઈ મુશ્કેલીઓ પડે છે તે જાણવી આવશ્યક છે માટે આ વિષય પસંદ કરવામાં આવ્યો છે.

## ૨. સમસ્યા

સ્ત્રી શિક્ષિકાઓની બેવડી ભૂમિકાને કારણે તેની શિક્ષક અસરકારકતા પર થતી અસરોનો અભ્યાસ.

## ૩. હેતુઓ

આ સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

૧. સ્ત્રી શિક્ષિકાની અસરકારકતા માટે જવાબદાર પરિબળો જાણવા.
૨ . સ્ત્રી શિક્ષિકાની અસરકારકતા વધારવા પડતી મુશ્કેલીઓ જાણવી.
૩. શિક્ષક અસરકારકતા વધારવાનાં સૂચનો જાણવા.

## ૪. સાધનો અને માહિતી એકત્રીકરણ

આ સંશોધનમાં શિક્ષક અસરકારકતા માટે જવાબદાર પરિબળો માટે ચાર થી પાંચ તજજ્ઞોની સલાહથી પચ્ચીસ પ્રશ્નોની એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી. આ અભ્યાસ સર્વેક્ષણ પધ્ધતિથી કરવામાં આવ્યો. આ અભ્યાસ મહેસાણા શહેરની માધ્યમિક શાળાની પરિણિત સ્ત્રી શિક્ષિકાઓને આપવામાં આવી જેમાં ૩૦ શિક્ષિકાઓને આ પ્રશ્નાવલી આપવામાં આવી હતી. અને તેમની રૂબરૂ મુલાકાત પણ લેવામાં આવી આ અભ્યાસમાં યાદચ્છિક રીતે ૩૦ શિક્ષિકાઓ પસંદ કરવામાં આવી હતી. જો શિક્ષિક અસરકારકતા માટે વિચારીએ તો તેમાં નીચેનાં જેવા પરિબળો ગણાવી શકાય.

- શૈક્ષણિક લાયકાત
- વિષયવસ્તુને લગતું વાચન / પૂરક વાચન
- વિષય વસ્તુની રજૂઆત
- સેવાકાલીન તાલીમ

- મૂલ્યાંકન
- શૈક્ષણિક સાધનોનું જ્ઞાન

આ ઉપરોક્ત બાબતોને આધારે પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી જેમાં નીચે પ્રમાણે માહિતી મળેલ છે.

## ૫. માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન

પ્રશ્નાવલી ને આધારે તથા રૂબરૂ મુલાકાતને આધારે નીચે મુજબ માહિતી મળેલ છે જેનું ટકાવારીમાં પ્રમાણ દર્શાવેલ છે.

| ક્રમ | વિગત | પ્રતિચાર 'હા' ના પ્રમાણની ટકાવારી | પ્રતિચાર 'ના' પ્રમાણની ટકાવારી |
|---|---|---|---|
| ૧. | આગળ અભ્યાસ કરવા ઈચ્છતી સ્ત્રી શિક્ષિકાઓ | 60 % | 40 % |
| ૨. | ચાલુ નોકરીમાં અભ્યાસ કરતી સ્ત્રી શિક્ષિકાઓ | 12 % | 88 % |
| ૩. | સંસ્થા તરફથી આગળ અભ્યાસમાં અવરોધ હોય તેવી સ્ત્રી શિક્ષિકાઓ | 20 % | 0 |
| ૪. | આગળ અભ્યાસ કરી ઉચ્ચ ધોરણમાં નોકરી કરવા માંગતી સ્ત્રી શિક્ષિકાઓ | 7 % | 0 |
| ૫. | પોતાનો પધ્ધતિનો અભ્યાસક્રમને લગતાં સંદર્ભ પુસ્તકોથી અપરિચિત સ્ત્રી શિક્ષિકાઓ. | 94 % | 6 % |
| ૬. | પૂરક વાચન કરતી હોય તેવી સ્ત્રી શિક્ષિકાઓ | 32 % | 68 % |
| ૭. | વિદ્યાર્થીઓ માટે વાચન શિબિરનું આયોજન કરવા ઈચ્છતી સ્ત્રી શિક્ષિકાઓ. | 100 % | |
| ૮. | પોતાની માટે સ્વખર્ચે પુસ્તકો ખરીદનાર સ્ત્રી શિક્ષિકાઓ. | 41 % | 59 % |
| ૯. | વિષય વસ્તુની રજૂઆત માટે વિવિધ પધ્ધતિઓનો જાણકારી ધરાવતી સ્ત્રી શિક્ષિકાઓ. | 100 % | |
| ૧૦. | વિષય વસ્તુની રજૂઆત માટે વિવિધ પધ્ધતિઓનો ઉપયોગ કરતી સ્ત્રી શિક્ષિકાઓ | 78.5 % | 21.5 % |
| ૧૧ | વિષય વસ્તુની રજૂઆત માટે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરતી સ્ત્રી શિક્ષિકાઓ. | 70 % | 30 % |
| ૧૨ | સ્વનિમિતિ શૈક્ષિણિક સાધનોનો ઉપયોગ કરતી સ્ત્રી શિક્ષિકાઓ | 10 % | 90 % |
| ૧૩. | સેવાકાલિન તાલીમમાં જવા ઈચ્છતી સ્ત્રી શિક્ષિકાઓ | 100 % | 0 |
| ૧૪. | આ તાલીમ શિક્ષકની સજ્જતા માટે પર્યાપ્ત છે. એવુ માનતી સ્ત્રીશિક્ષિકાઓ. | 38 % | 62 % |
| ૧૫. | વર્ગમાં નબળા વિદ્યાર્થીઓ માટે વધારોનો તાસ લેતી સ્ત્રી શિક્ષિકાઓ | 28 % | 0 |
| ૧૬. | પોતાના વિષયમાં મૂલ્યાંકન દર માસને અંતે કરતી શિક્ષિકાઓ | 14 % | 86 % |

ઉપરોક્ત કોષ્ટક અને રૂબરૂ મુલાકાતને આધારે મળેલ માહિતીનું અર્થઘટન અને તારણ નીચે મુજબ કરી શકાય.

- અડધાથી વધુ સંખ્યામાં સ્ત્રીશિક્ષિકાઓ આગળ અભ્યાસ કરવા ઈચ્છે છે પરંતુ તેમની બેવડી જવાબદારીને કારણે તેઓ અભ્યાસ કરી શકતી નથી.
- ચાલુ નોકરી અને બેવડી જવાબદારી નિભાવવા છતાં આગળ અભ્યાસ કરતી સ્ત્રીઓનું પ્રમાણ 12 % છે. જે ઓછું છે.

આ અભ્યાસ કરતી સ્ત્રીઓ આંબેડકર યુનિ. અને ઈન્દિરા ગાંધી ઓપન યુનિ. સાથે સંકળાયેલી છે અને તે એક્ષટર્નલ સ્ટુડન્ટ તરીકે એટલે કે કોમ્પ્યુટર અને એમ. એ. કરે છે.

- જે સ્ત્રીઓ આગળ અભ્યાસ કરવા ઈચ્છે છે પરંતુ કરતી નથી તેઓ પોતાની જવાબદારી અને ઘરના સભ્યોની મનાઈને કારણે આગળ અભ્યાસ કરતી નથી.
- પોતાની સજજતા વધારવા માટે તેમને સંસ્થા તરથી કોઈપણ અવરોધ નડતો નથી. પરંતુ સંસ્થા તેઓ પોતાની શૈક્ષણિક લાયકાત વધારે તેવું ઈચ્છે છે.
- આગળ અભ્યાસ કરી ઉચ્ચ ધોરણમાં સર્વિસ માટે જવા ઈચ્છતી સ્ત્રીઓનું પ્રમાણ 7 % છે. જે ઓછું છે.

એટલે કે, બાકીની સ્ત્રીઓને તેમની આ સર્વિસથી સંતોષ છે તેમ કહી શકાય.

- પોતાના અભ્યાસક્રમને લગતાં સંદર્ભ પુસ્તકોથી પરિચિત સ્ત્રીઓનું પ્રમાણ 94 % જે સારૂ કહી શકાય.
- પોતાના અભ્યાસક્રમને લગતા સંદર્ભ પુસ્તકોથી અપરિચિત સ્ત્રીશિક્ષિકાઓનું પ્રમાણ 6 % છે. જેઓ જણાવે છે કે આ દરેક એકમ માટે પાઠય પુસ્તકમાં સંદર્ભ પુસ્તકોની યાદી આપવી જોઈએ અથવા શાળા પાઠય પુસ્તક મંડળ કે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દરેક શાળામાં, દરેક વિષય માટે સંદર્ભ પુસ્તકોની યાદી મોકલવી જોઈએ.
- આ સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરી શિક્ષણકાર્ય કરતી સ્ત્રી શિક્ષિકાઓનું પ્રમાણ 32 % છે. જે ઓછું કહેવાય.
- ધોરણ ૮, ૯ અને ૧૦ માં નવો અભ્યાસક્રમ હોવાથી હજુ લાયબ્રેરીમાં પણ આ પુસ્તકો વસાવેલ નથી તેવું પણ તેઓ જણાવે છે.
- પોતાના શિક્ષણ કાર્ય માટે પૂર્વ તૈયારી માટે પુરતો સમય મળતો નથી તેવું પણ તેઓ જણાવે છે.
- અભ્યાસક્રમ ઉપરાંત અન્ય વાંચન ધરાવતી સ્ત્રી શિક્ષિકાઓનું પ્રમાણ 32 % છે જે ઓછું કહેવાય આનું કારણ તેઓ અન્ય વાંચન માટે સમય ફાળવી શકતી નથી.
- બધીજ સ્ત્રી શિક્ષિકાઓ વિદ્યાર્થીઓ માટે વાંચન શિબિર યોજાય તેવું ઈચ્છે છે.
- પોતાના માટે સ્વખર્ચે પુસ્તકો ખરીદનાર સ્ત્રી શિક્ષિકાઓ છે. જયારે ન ખરીદનાર સ્ત્રી શિક્ષિકાઓ જણાવે છે કે તેઓ શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવે છે. તથા ઘરની પરિસ્થિતિને કારણે ખરીદતી નથી.
- પોતાની વિષય વસ્તુની રજૂઆત માટે વિવિધ પધ્ધતિઓનું જ્ઞાન ધરાવતી સ્ત્રી શિક્ષિકાઓનું પ્રમાણ 100 % છે જે સારૂ કહી શકાય.
- વિષય વસ્તુની રજૂઆત માટે વિવિધ પધ્ધતિઓનો ઉપયોગ કરતી સ્ત્રીશિક્ષિકાઓનું પ્રમાણ 73 % છે જે સારૂ કહેવાય.
- તેઓ વધુમાં વધુ વ્યાખ્યાન પધ્ધતિનો ઉપયોગ કરે છે. જે સ્ત્રી શિક્ષિકાઓ બીજી પધ્ધતિનો ઉપયોગ કરતી નથી તેના કારણ માટે અભ્યાસક્રમ લાંબો હોવાથી તથા બીજી પધ્ધતિથી ભણાવાવના વિચાર કરવા કે તૈયારી કરવા સમય મળતો નથી.
- વિષયવસ્તુની રજૂઆત માટે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરતી સ્ત્રીશિક્ષિકાઓનું પ્રમાણ 78.5 % છે તે પ્રમાણમાં સારૂ છે. આ શૈક્ષણિક સાધનોમાં તેઓ ચાર્ટ, નકશા, આલેખ, મોડેલ, ઓ.એચ. પી. વગેરેનો ઉપયોગ કરે છે.
- મોટાભાગની સ્ત્રીશિક્ષિકાઓ તૈયાર શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરે છે પરંતુ સ્ત્રી શિક્ષિકાઓ એવી છે કે જે સ્વનિર્મિત સાધનોનો પણ ઉપયોગ કરે છે આ સાધનો વિદ્યાર્થીઓની મદદથી તૈયાર કરે છે. દા. ત. ગોબર ગેસ પ્લાન્ટ, ભણાવવો છે, તો તેને લગતું નાનકડું સાધન વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવી શકાય.સોલર હીટર વિશે શીખવાડવા માટે સ્ક્રીપ પર ઓરે પટ્ટી રાખી ગ્લાસ મૂકી સેમ્પલ બનાવીને શીખવાડી શકાય છે.

- સેવાકાલીન તાલીમ હોવી જોઈએ તેવું બધીજ શિક્ષિકાઓ જણાવે છે.
- પરંતુ આ તાલીમ તેની સજ્જતા માટે પર્યાપ્ત નથી તેવું ઘણી સ્ત્રીઓ જણાવે છે. તેઓ કહે છે આ તાલીમ વિશિષ્ટ રીતે અપાય તો સારૂ.
- તેઓ જણાવે છે કે આ તાલીમ વેકેશનને બદલે ચાલુ શાળાએ હોય તો વધુ સારૂ કારણ કે વેકેશન તેઓના બાળકો સાથે વિતાવી શકે.
- આ તાલીમમાં રાત્રિ નિવાસ સ્થળ પર હોવાથી ઘણી મુશ્કેલી નડે છે માટે જે તે નજીકના સ્થળે રાખવામાં આવે તો વધુ સારૂ.
- વર્ગમાં નબળા વિદ્યાર્થીઓ માટે વધારાના વર્ગ લેતી સ્ત્રી શિક્ષિકાઓનું પ્રમાણ ઘણું ઓછું તેનું કારણ છે સમયનો અભાવ.
- પોતાના વિષયમાં દર માસને અંતે લેખિત મૂલ્યાંકન કરતી સ્ત્રીશિક્ષિકાઓનું પ્રમાણ ઓછું છે તેવો જાણાવે છે દરેક વર્ગમાં ૬૦ થી ઓછી સંખ્યા નથી તો અમારે દર મહિને ૪૦૦ થી ૫૦૦ પેપર જોવાનો સમય કાઢવો અઘરો છે.
- સ્ત્રી શિક્ષિકાની બેવડી ભૂમિકાને કારણે શિક્ષક અસરકારકતા પર અસર કરતાં પરિબળોમાં સેવાકાલીન તાલીમ, શૈક્ષણિક સાધનોનું નિર્માણ પૂરક વાંચન સામગ્રી આ ત્રણ પરિબળો અસર કરે છે.

ઉપરોકત અભ્યાસ પરથી આપણે એવું કહી શકીએ કે સ્ત્રીશિક્ષિકાઓ સમાજમાં અને વ્યવસાયમાં બેવડી ભૂમિકા ભજવે છે તેમની પણ જવાબદારી પણ વધુ છે. ઉપરોકત પ્રશ્નાવલી અને રૂબરૂ મૂલાકાત કર્યા પછી એવું કહી શકાય કે તેમને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે પરંતુ તેમ છતાં તે પોતાની ફરજ પ્રત્યે સભાન છે અને વ્યવસાયમાં નિષ્ઠા ધરાવે છે. ઉપરોકત અભ્યાસ પરથી શિક્ષક અસરકારકતા વધારવા નીચેની બાબતો તારવી શકાય.

- સેવાકાલીન તાલીમ રાત્રી નિવાસી ન હોય તો વધુ સારૂ.
- સંદર્ભ પુસ્તકોની યાદ પાઠય પુસ્તકમાં આપવામાં આવે.
- શાળામાં દરકે શૈક્ષિણિક સાધનો વસાવવા અને તેની તાલીમ આપવી જરૂરી છે.
- અઠવાડીયામાં બે થી ત્રણ તાસનું આયોજન એવી રીતે કરવુ કે જેથી એક વિષયના બે થી ત્રણ કે વધુ શિક્ષકો મળી ચર્ચા કરી ટીમ ટીચીગથી અભ્યાસ કરવા વિચારી શકે.
- વાર્ષિક પરિક્ષાઓ પૂરી થયા પછીના જે કાર્ય દિવસ છે એટલે કે વેકેશન પહેલાના દિવસોનો તાલીમમાં ઉપયોગ લેવાય તો વધુ સારૂ.
- જુદી જુદી પધ્ધતિનાં શિક્ષિકાઓએ મૂલ્યાંકન માટે જુદી જુદી રીતોનો ઉપયોગ કરે છે.

દા. ત. ગુજરાતીમાં સામાનાર્થી શબ્દો, વિરોધી શબ્દો, સમાસ વિગેરે કાર્ડ પધ્ધતિથી કરવા.

- અંગ્રેજીના શિક્ષક સ્પેલિંગની અંતાક્ષરી રમાડી શકે.
- ગુજરાતી સંસ્કૃતમાં નાટક હોય તો તે વિદ્યાર્થીઓ દ્વારા પાત્ર ભજવીને કરાવી શકાય.
- ગણિત વિજ્ઞાનમાં વિદ્યાર્થીઓની ટીમ પાડી પ્રશ્નોતરી કરાવી અને ગુણ આપી શકાય.

આમ, વિવિધ મૂલ્યાંકનની રીતોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન આપી શકાય.

## સંદર્ભ પુસ્તકો

1. Ahuja, Ram (2008).Research Methods Ravat Publication.
2. Buch, M. B. (1978-83). Third Survey of Research in Education.
3. રાવલ, (૨૦૦૫). વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષણ. નિરવ પ્રકાશન, અમદાવાદ. પૃ.૫૮.
4. શાસ્ત્રી, જ. (૧૯૯૦). અધ્યાપન–અધ્યયન પ્રવિધિ અને શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન અને આંકડાશાસ્ત્ર. બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ. પૃ. ૭૯.